Done

દિવ્ય ભાસ્કર (સિટિ ભાસ્કર અમદાવાદ)

તા. ૨૪/૬/૨૧

પેજ નં-૦૧

# ઉમાશંકર જોશી પર ઓનલાઇન વેબિનાર યોજાયું

અમદાવાદ : ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ઉપક્રમે 'નિબંધકાર ઉમાશંકર જોશી' વિષય પર ભાવનગર યુનિવર્સિટીના પ્રો. ડૉ. વિપુલ પુરોહિતે વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપક્રમમાં ઉમાશંકર જોશીના 'ગોષ્ઠી', 'ઉઘાડી બારી' અને 'શિવ સંકલ્પ' વગેરે નિબંધ-સંગ્રહોમાંના નિબંધોની ગુણસમૃદ્ધિ વિશે વિગતે વાત કરી. ડૉ. વિપુલ પુરોહિતે ગુજરાતી સર્જનાત્મક નિબંધની પરંપરાનો પરિચય આપી ઉમાશંકર જોશીના નિબંધોની લાક્ષણિકતા દર્શાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ઉમાશંકરના નિબંધોમાં લય અને લાઘવ બન્ને જોવા મળે છે. ઉમાશંકર જોશીએ નિબંધો થકી બહુ મોટી સાંસ્કૃતિક સેવા કરી છે.

૨૪/૬/૨૧